XX 74

XX75

श्री कृष्णायनमः

॥ अथ स्वप्नदर्शनम् ॥

कुसुमशरशरप्रांताहितदुःखमिवाधुनाच्छस्वरकर
कमलनखरं बिभ्रतम् ॥
मकरकुण्डलमंडितगंडमंडलप्रभोद्योतितभुवमव्ययम् ॥ १ ॥
अति सुभगकिंचिदुच्च चिबुकम अधरबिंब विजित बिबम् ॥२॥
निजवाक्पीयूषसरित्सरस्वतीभिरिवानेकरेखाभिरंजित्ताधरम् ॥
कनकसूत्रसूत्रितबृहदतिसुभगामलमुक्ताफलसंशोभि
श्वासदरोन्नतिनतिमन्नासापुटम् ॥ ३ ॥
कुपित कुसुमशरशर युगेनेव ॥
श्रोत्रकृताभिमणतिप्रतिबंधजनितरोषेणेवेषल्लोहितेन,
त्रिभुवनविजयव्यग्रेणेवातिचपलेनरसलसरसिजभ्रमोद्भ्रांत
भ्रमरेणेवातिश्यामसमध्येननयनयुगेन दृश्यं
रतिपतिशरासननकुटिलभ्रुवम् ॥ ४ ॥
प्रथमं मलयजतिलकं मृगनाभिजं तदंतराले च ॥
तन्मध्येऽपि च मुक्ताफलरचितं बिंदुमादधतम् ॥ ५ ॥
अतिवक्ररुचिरचिकुरैरावृतवदनांबुजंसख्यः
दरहासविगलितामलपरिमललुब्धैरिव भ्रमरैः ॥ ६ ॥
अलकोद्ग्रथितकुसुमैरावृतवदनांबुजंरात्रौ ॥
राकाधिशमिवाखिलनक्षत्ररावृत गगने ॥ ७ ॥

पद्मरागप्रतिभटवत्कर्णिकारशोभिकर्णोपरिभागं
गुंजापुंजसंवलितबर्हिबर्होद्ग्रथितविविधमणि
जालमुक्ताफलप्रकारसंकीर्णकुसुमाकलशिखरहित
नीलमण्युपरिस्थितस्थूलमुक्ताफल संशोभि
मुकुट विराजमानोत्तमांगम् ॥ ८ ॥

विविधकुसुमोद्ग्रथितसुभगमेचककेशपाशं
पवनानीतनिजविविधप्रसूनप्रकरप्रसारि
परिमललुब्धमधुकरनिकाराकुलवनमालाधरम् ॥
त्रिभंगसंदर्शितदक्षिणचरणतलं करकमल
कलितललितवंशीकलरवेण विद्रावितमुनि
गणसमाधि निखिलवृंदाविपिनं, समाधिस्थमानसी
कृताशेषपक्षिगणं चित्रन्यासीकृत
त्रिभुवनं निजमुखामोद भ्रमद भ्रमर झांकृत्युप
श्रुतिगानं रतिपतिजय पताकामिव मनोभव सिद्धि
मूलमिव तार्तीय पुमर्थ सिद्धांत रहस्यमिव,
निखिल नितंबिनी मनः समाकर्षण मंत्रविन्मही
भूषण मणिमिव व्रजसौभाग्यमिव मूर्तिमत्त्रिभुवनसुषमामिव
त्रिलोकी नयनजनुः साफल्यमिव प्रति बिंबित विविधनिकुंज
कुसुमैरखिलसुरपूजितमिव, अखिलपुण्यपुंजमिवापश्यम् ॥
ततःप्रेमातिभरमनसा सहेंद्रियरूपामृताब्धि
प्रत्यंगततरङ्गेषु चिरंनिमग्न नयन मीनयुगलोऽहमासम् ॥

ततस्तत्प्राप्तिमाशंसमानाया निद्रा विद्राविता बभूव ॥
ततः प्रतिक्षण प्रवृद्ध प्रचुरप्रेम प्रोद्यत्पुलकसीत्कराहमित्थं
व्यलपम्–हा हा नाथ शरण्य हा हा गोपीजनाधार हा हा
वृंदावनभूषण हा हा सानंदानंदसर्वस्व ॥ ९ ॥

वंचनमरचय दिपता कालेन विधिरतवास्येंदोः ॥
अवलोकेऽखिल लोकी सुषमास्पद पाद पद्मेश ॥ १० ॥

अहह प्रियसंगेन विना कथमहं क्षण जीविष्ये,
वल्लवी वृंदवल्लभस्यवियोगतः ॥ ११ ॥

प्रथमं भवतोऽदर्शनोद्वेगेनापि दुःखसंतानम् ॥
अधुना भवतो दर्शने दुःखं प्राप्तं त्वदप्राप्त्या ॥ १२ ॥

भवतीति किमित्ययं प्रसंगोभवदित्थं प्रियमे मनोरथेऽपि ॥
नहि संभवति प्रमादपीश व्रजगोपीजनजीवनांघ्रिपद्म ॥ १३ ॥

सर्वमधुरिमासीम तावकं गोकुलेश्वर ॥
यदि त्वद्विरहो न स्यादक्षमः स्वाश्रयेक्षणे ॥ १४ ॥

एवमुरुश्वाश्वस्तंविलपंती मूर्च्छिताऽहमासम् ॥
ततश्चिरेण श्रुतिपथगतप्रियवंशीनिनादैर्मंत्रैरिव
विगतमूर्च्छाहमभवम् ॥
ततो मामियं दुःखितां सखी तत्रापश्यत् ॥
ततोमद्दुःखदुःखिता तामहंप्रोवाच ॥
सकोऽपि सखि सानंदनंदाघुत्संगलालितः ॥
करोति सुषमासीमां मन्मथोन्महितो हि सः ॥ १५ ॥

तं न पश्यामि कः श्यामसुंदरं दर्शयेत्सखि ॥
मुरलीकलनादेन मोहयंतमहो जगत् ॥ १६ ॥
कापि सखि मम संप्रति वरिवर्तिकिमु व्रजाधिपप्राणा ॥
या नंदसूनुमुरलीतरलं चेतः समादध्यात् ॥ १७ ॥
गताऽऽसमद्याहमये कलिंदकन्यातटं तत्र तमाकनीलम् ॥
त्रिभंगमस्मत्कुलधर्मधैर्यभंगं चतुष्पादधनं त्वपश्यम् ॥ १८ ॥
किं कुर्मः क्वनु यामः क्वनु तिष्ठामः किमेतदासीन्नः ॥
इतिचिंतासंताना बुद्धेः पारंगता गोप्यः ॥ १९ ॥

॥ इति श्रीविठ्ठलेश्वरविरचितं स्वप्नदर्शनं समाप्तम् ॥

स्वप्न दर्शनम्

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

कुसुम शर प्रांताहित दुःखमिवा
धुना चञ्चल कर कमल नखरं विभ्रितम् ॥
मकर कुण्डल मण्डितगण्डमण्डल प्रभो द्योतित भुवनत्रयम् ॥ १ ॥

એક સમયે એક મહદ્ વ્રજભક્ત શ્રીસ્વામિનીજીને શ્રીઠાકોરજીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં અને તેમનાં નયન ખુલી ગયાં. તે પછી તે રૂપ માધુરી નજરે ન પડતાં અંતરમાં અને નયનમાં વિરહ જન્ય અસહ્ય તાપથી વ્યાકુલ થતાં પોતાના નિકટ સંબંધી ભક્તો અને શ્રુતિરૂપાનાં યુથપતિ શ્રીચંદ્રવલીજીને સ્વપ્ન દ્વારા થયેલ દર્શન સુખના વિરહ દુઃખની કથા કથવા આતુર થયાં.

આ મહાન ભક્ત શ્રીસ્વામિનીજી હતાં. તેઓ પોતાની લીલા સંબંધી સખી પ્રત્યે પોતાને સ્વપ્નમાં જે સુંદર દર્શન થયું તે કહે છે

પ્રિય સખિ સમક્ષ શ્રીઠાકોરજીના સ્વરૂપ લાવણ્યની જરા કથા માધુરી શ્રવણે પડતાંજ શ્રીચંદ્રવલીજીની શ્રીમધુરાધિપતિની સર્વ સુંદરતા જાણવાની ઉત્કંઠા વધી પડી અને તેથી તેઓ પૂછે છે.

હે પ્રાણપ્રિય ! હે સર્વ શિરોમણી સુખદ ! હું તમારી પ્રેમીલી દાસી છું, સખી છું, એક તમોનેજ પોતાના જાણુ છું તમારી પ્રસાદીથીજ મને સર્વ સુખ પ્રાપ્ત થાય છે, તેથી તમોને

જે સુંદર સ્વરૂપનું સ્વપ્નમાં જેવું સુખ પ્રાપ્ત થયું હોય તે સર્વ વૃત્તાંત સંકોચ વિના મને વિસ્તારપૂર્વક કહો આપનું સ્વપ્ન શુષ્ક સ્વપ્ન નથી પણ પ્રત્યક્ષ સુખનો અનુભવ કરાવનાર છે. તેથી જરૂર એ સ્વપ્નનું સર્વ માધુર્ય મને કહો. મને શ્રદ્ધા છે અને તે વાત શ્રવણ કરવા હું અતિ આતુર છું. આપનું વચન સુધામૃતનું શ્રવણ એજ મારૂં જીવન છે.

સખીનું આવું વચન સાંભળી આદર્શન દુઃખી મહદ્ વ્રજભક્તને સ્વપ્નનાં સ્વરૂપદર્શનનું સ્મરણ તથા સ્વપ્નદર્શન સુખનો અનુભવ હૃદયમાં થતાં તેમના ગદ્ગદ્ હૃદયયુક્ત નેત્રમાંથી અશ્રુધારા શ્રવવા લાગી.

તેમની આવી દશા જોઈ સખી તેમને ધીરજ આપી કહેવા લાગી હે પ્રિયાજી ! હે મમ સર્વસ્વ ! તમો શા માટે ચિંતા કરો છો. જે સ્વરૂપનાં તમોને દર્શન થયાં છે તેનું વર્ણન તો કરો તે સ્વરૂપનું વર્ણન સાંભળી અમો વિચારી તેવું સ્વરૂપ અમારા ધ્યાનમાં હશે તો અમો તેની વ્રજમાં શોધ કરીશું આ સ્વરૂપ વ્રજની બહારનું તો નજ હોય તેવો મારો નિશ્ચય છે, તેથી ધૈર્ય ધારણ કરી સ્વસ્થ બની મારી આગળ સર્વ વૃતાંત કહો. સખીનાં આવાં ચતુર વચન સાંભળી પ્રાણેશપ્રિયા મહદ્ ભક્ત મધુરાતિમધુર દર્શન સ્વપ્નનું યથાસ્થિત આરંભથી લેઈ વર્ણન કરે છે.

હે સખિ ! હે શ્રૃતિરૂપા ! હે ચંદ્રાવલી ? શ્રી ઠાકોરજીની ભૂજાનો આકાર હસ્તિના સુંઢ જેવો વલયાકાર હતો. તેમના કરકમલની આંગળીઓ કમળ પલ્લવ સમાન હતી, અને તેના પર કામદેવના બાણના અગ્રભાગ સમાન કે લોહ બાણ સમાન

નખ શોભતા હતા. શ્રી વ્રજપતિ વલ્લભા ગાઢ નિદ્રામાં હતાં. ત્યારે શ્રી ઠાકોરજીએ તેમના કરપલ્લવના નખક્ષતથી, સ્પર્શદ્વારા અનંત દાન કર્યું અનંગવાળા કર્યા અને તેમના સર્વાંગને જીત્યું શ્રી ઠાકોરજીના કરપલ્લવના નખક્ષતે જાણે કામદેવે બાણુ માર્યું હોય તેમ તેમને શ્રી ઠાકોરજીના મિલન માટે અસહ્ય વિરહ થયો. લોહબાણુ પંચભૌતિક શરીરને લાગતાં ઉંડો ઘા કરી તીવ્ર વેદના કરે છે. તેમ શ્રી ઠાકોરજીના કરપલ્લવના નખક્ષતનું દાન પણુ ભક્તને તેમના મિલન માટે અત્યંત આકુલ કરી વિરહ તાપ જગાડે છે. પ્રથમ તેમના દર્શન માટે ભક્ત વિરહ કાતર કરૂણામય થાય પછીજ મિલનનું તેને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. તેમના મકરાકૃત કુંડલ યુક્ત કપોલની કાન્તિ ત્રણે ભુવનને પ્રકાશમાન કરે તેવી હતી. તે પ્રકાશ દ્વારા ત્રણે ભુવનના સાત્વિક, રાજસી, તેમજ તામસી, એમ ત્રણે પ્રકારના ભકતોને જીત્યાં છે. અને તેવા ત્રિવિધ ભક્તનાં મન, ધીરજ લજ્જા અને વિવેક વગરનાં કર્યાં છે આવા મનોહર વ્રજનાથને તેમણે સ્વપ્નમાં જોયા. ત્યારે આ પ્રબંધમાં નિર્ગુણુ ભકતો તો આવ્યાજ નહિ ? ત્યાં કહે છે કે નિર્ગુણ ભકતોએ તો શ્રી ઠાકોરજીનું મન જીત્યું છે એટલે અહિં ત્રણુ પ્રકારના ભકતોની વાત કરી છે, પ્રથમ શ્લોકમાં શ્રી ઠાકોરજીની ભુજા તથા તેમના કર કમલપલ્લવના નખનું વર્ણન કરી આગળ વર્ણન કરે છે.

अति सुभग किंचिदुच्च चिबुकम् अधरबिंब विजितबिंबम् ॥ २ ॥

હે પ્રિય સખી ! તે મનમોહનનું અતિસુંદર કંઈક ઉપસેલુ ચિબુક છે, તેમના અધરે બિંબફલની લાલિમાને પણુ પરાજીત કરી છે. અહિં ચિબુકના વર્ણન પછી અધરનું કર્યું છે તેનો

ભાવ એવો છે કે અધરામૃતના પાન સમયે અધરથી જે અમૃત ઝરે છે, તેનુ પ્રકટ દર્શન થાય છે. પ્રિય સખિ ! મેં સ્વપ્નમાં ભિંજાયલા ચિબુકને જોયું અને તે જોતાં વિચાર આવ્યો કે તે શાથી ભીંજાયુ હશે ! વધારે બારીકીથી જોતાં મને જણાયુ કે અધરથી રસ સ્રવી ચિબુક પર લાગ્યો છે. રસાધિકયના કારણે અધરે પોતાનો રસાસ્વાદ ચિબુકને આપી આશ્વાસન દીધું છે અને તેથી પ્રથમ ચિબુકના વર્ણન પછી અધરામૃતનું વર્ણન કર્યું છે.

निजवाक् पीयूषसरित्सरस्वतीभिरिवानेकरेखाभी रंजिताधरम् ॥
कनकसूत्रसूत्रितबृहदतिसुभगामलमुक्ताफलसंशोभिश्वास दरोन्नति
नतिमन्नासापुटम् ॥ २ ॥

તેમનો અધર અનેક રેખાથી શોભિત છે, તેથી જાણે પોતાના વાણી સુધાની સરિતા સરસ્વતિનો પ્રવાહ અધર પર વહેતો હોય તેમ ભાસે છે. વધુમાં સુવર્ણના સુત્રથી પરોવેલુ વેશરનુ અતિ સુંદર અને સ્વચ્છ મોતી તેમની નાસિકા પર મહાશોભિત હોઈ તલના પુષ્પની શોભાને પણ હરે છે.

અધરની રેખા અનેક કહી છે તે વૃજભકતોનો અનુરાગ સુચક છે. વેશરમાં લાગેલુ ગજમુકતા લટકી અધરપાન સમયે અત્યંત શોભા આપે છે. તે ગજમુક્તાનો ઉજ્જવલ પ્રકાશ શ્રી સ્વામિનીજીનો ઉજ્જવલ સ્નેહ સુચવે છે, તે મુક્તાફલ અષ્ટપ્રહર અધરામૃતના પાન માટે લટકી ચંચલ બની લોલુપ થયું છે.

નાસિકાના મોતીને તલના ફૂલ સમાન ઉપમા આપી છે તેનું કારણ તલના ફૂલમાં કામનો વાસ છે તેથી તલના ફૂલ જેવી

નાસિકા જોઈ વ્રજભક્તોને કામ રસરૂપી અનેક મનોરથ શ્રી પ્રાણેશના સુખના સ્વાદ માટે થાય છે, આવું સુંદર નાસાપુટ એ સ્વરૂપે ધારણ કરેલું છે.

कुपितकुसुमशरशरयुगेनेव श्रोत्रकृताग्रिमगतिप्रतिबंध
जनितरोषेणेवेषल्लोहितेन त्रिभुवनविजय व्यग्रेणेवाति
चपलेन रससरसिजभ्रमोद्भ्रांतभ्रमरेणेवातिश्याममध्येन
नयनयुगेन दृश्यं रतिपति शरासनकुटिलभ्रुवम् ॥ ४ ॥

તેમનાં નયન કમલ પરમ સુંદર દર્શન કરવા યોગ્ય છે. જાણે કે કુપિત થયેલા કામદેવનાં બાણ ન હોય? તે નયનકમલની દીર્ઘતાને શ્રીહરિના શ્રવણપુટોએ રોકી હોઈ (શ્રીહરિના નયનકમલના ખૂણાઓ તેમના શ્રવણપુટ પર્યંત ખેંચાયેલા હોય અત્યંત દીર્ઘ હોય છે) તેમના નયનચંચલતા તથા ક્રોધરક્તતાના કારણે જાણે ત્રિભુવનના વિજય માટે તેઓ વ્યગ્ર હોય તેમ જણાય છે. તેમની નયન મધ્યની શ્યામલતા જાણે લાલકમલ દલમાં જાણે ભમર ઘુમી રહ્યો ન હોય? તેવો જણાય છે તેથી તેમનાં નયનકમલ પરમ સુંદર જાણે ગંગા જમુના અને સરસ્વતિના સંગમરૂપ શ્વેત, શ્યામ અને રક્તવર્ણયુક્ત છે. તેમના આવા અદ્ભૂત નયનકમલના કટાક્ષના દર્શને મારા તનને વીંધી નાંખ્યું છે. તે કોઈ ઉપાયે હજુ ઠેકાણે આવતું નથી. હે સખી! શ્રુતીરૂપા! મારૂં દુઃખ જાણવાને આતુર તને હું શું કહું! સઘળો વૃત્તાંત કહેવા જતાં હું ઘણું ભૂલી પણ જાઉં છું અને છોડી પણ દઉં છું. છતાં યાદ આવે તેટલું બધું જ કહીશ.

प्रथमं मलयजतिलक मृगनाभिजं तदंतराले च ॥
तन्मध्येऽपि च मुक्ताफलरचितं बिंदुमादधतम् ॥ ५ ॥

હે સખી! તેમના સુંદરાતિ સુંદર સ્વરૂપની ભ્રમર કમાન તો કામદેવના ધનુષ્યના જેવી વક્ર છે. પ્રથમ બન્ને ભ્રકુટિની વચ્ચે કેસર મળેલા ચંદનનું તિલક છે અને તેના અંતરાલમાં કસ્તુરીનું તિલક શોભે છે. તેના મધ્ય ભાગમાં મુક્તાફલ સમાન બીંદી કરેલી છે. એવા પરમ સુંદર સ્વરૂપની ભમરનું વર્ણન ધનુષ્યવત્ નયનનું વર્ણન બાણવત્ અને એવા ધનુષ્યબાણ ચલાવનારની ભમર મધ્યતીલકમાં બીંદી છે તે ચતુર્વિધ ભક્તનાં યુથપતિ શ્રીસ્વામિનીજી છે (એમ પોતે પોતાના સ્વરૂપને ભૂલી સ્વપ્ન સ્વરૂપના પ્રેમાવેશથી શ્રુતીરૂપા ચંદ્રાવલીજીને સર્વ કહી રહ્યાં છે). તેમનું વિજયતિલક કેસર, ચંદન કસ્તુરીની બીંદી અને મોતીની લટકતી લરોવાળુ છે. એવાં ચતુર્વિધ યુથપતિ સ્વામિનીજીઓ પોતાની સુંદરતાની સમુહરૂપ ધનુષ્યબાણ આયુધો લઈ અનેક અનુરાગવતિ યુવતાઓ પર ચલાવી સર્વાંગ વ્યાકુળ કરી વશ કરે છે. અને કહે છે કે અમારા ભોગ લાયક અધરામૃતનો ભોગ તમો કેમ કરો છો? એવા ભક્તસહિત એ સુંદરેશ શોભાયમાન હતા.

अतिवक्ररुचिर चिकुरैरावृत्त वदनांबुजं सुखदः ॥
दरहास विगलितामल परिमललुब्धैरिव भ्रमरैः ॥ ६ ॥

હે સખિ! તે સુખદનું વદનકમલ ટુંકા ઘુઘરાલા વાંકડીયા કાળા તથા સ્નિગ્ધ કેશથી આવૃત્ત હતું. વ્રજનાથનું વદનકમલ મધુર મંદહાસ્ય પ્રકટ કરતુ હતું, જાણે કે ખીલેલા કમલની અતિશુદ્ધ આમોદથી ભ્રમરો લોભાઈ ત્યાં બેઠા હોય! તેમના વાંકડીયા ઘુઘરાલા કેશની મધ્ય વદનકમલની શોભાએ મારા મનની ધીરજ હરી લીધી છે અને તેથી અલકાવૃત્ત વદનકમલની

મંદહાસ્યયુક્ત સૌન્દર્યનીધિના દર્શન વિના હું પરમ દુઃખી બેચેન અને વ્યાકુળ છું.

अलकोद्ग्रथित कुसुमैरावृतवदनांबुजं रात्रौ ॥
राका धीश मिवाखिल नक्षत्रैरावृतं गगने ॥ ७ ॥

હે સખી ! તે મનોહર મૂર્તિનું શુ કમનીય સ્વરૂપ ! તેમના વદનકમલ પરની કાલી ભ્રમર સમાન કેશની લટો વિવિધ પ્રકારના પુષ્પોથી ગુંથેલી છે. વિવિધ પ્રકારે કરેલી અલકોની ગુંથન રચના તથા તેના પર વિવિધ પ્રકારના પુષ્પોની ગુંથન રચના જોઈ જાણે પૂર્ણિમાની રાતે પૂર્ણચન્દ્ર અખિલ ગગનમાં તારાઓથી વિંટાયેલો શોભે તેમ શોભે છે. તેમની અલકાવલી નભસમાન નીલવર્ણયુક્ત, મુકતા તથા પુષ્પનું ગુંથન ગગનના વિવિધ નક્ષત્રો સમાન અને તેમનું વદન કમલ પૂર્ણિમાના ચંદ્ર સમાન ઉજજવલ તેમજ શીતલ છે. એવા સુંદર શ્યામચંદ્રના વદન કમલને જોઈ મારૂં મન હરાઈ ગયું છે. આવી છબીલી છબીનું દર્શન કરતાંજ મને રીત તથા વિપરીત બન્ને પ્રકારની લીલાનુ સ્મરણ થયું. તે કેવી રીતે ! તો સાંભળ પ્રથમ તો વદનકમલ રૂપી ચંદ્રને આકાશ રૂપ કુસુમ ગુંથિત અલકાવલીએ ઘેરી લીધી છે, તેથી આકાશ તે ચંદ્રમાની સ્ત્રી સમાન છે. કારણ કે જે સમયે ચંદ્રમા પ્રકાશતો ન હોય ત્યારે આકાશરૂપી ચંદ્રમાનો શૃંગાર નક્ષત્રરૂપ તારાગણો હોય છે. જેમ ઉત્તમ નાયકા મુખ પર કુંકમનો લેપ કરી પોતાના નાયકને પણ શૃંગાર કરે તેમ ચંદ્રમા પૂર્વદિશામાં ઉદિત થઈ બધી દિશાઓની પ્રકાશે ત્યારે નાયક રૂપ ચંદ્રમાને આકાશરૂપી નાયિકા નક્ષત્ર રૂપ તિલક સાથે અનેક તારાગણોથી વીંટાઈ

ચંદ્રમાની શોભાને વધારે છે. બીજી રીતે પૂર્વદિશામાં ચંદ્ર ઉગતાં પશ્ચિમ દિશાને અરૂણરંગથી રંગી નાંખે છે તે જોઈ જાણે દીર્ઘ પ્રવાસ પછી ઘરે આવેલો પ્રિયતમ પોતાનાં અત્યંત સુખદ હસ્તથી પોતાની પ્રિયાના પૂર્ણચંદ્ર સમાન મુખકમલને અરૂણવર્ણ કેસરથી રંગ્યું હોય તેમ પોતાના સુખમય સુસ્નિગ્ધ કીરણરૂપી કર કમલથી પૂર્વદીશારૂપ વધુનુ મુખ અરૂણ વર્ણ કેસરથી રંગી દીધું છે. અર્થાત પ્રિયતમ શ્યામે કરેલા રસદાનની સ્મૃતિ પૂર્ણચંદ્રમાના કિરણોથી અરૂણ રંગે રંગેલી પૂર્વદિશા મને કરાવે છે. જો સ્વપ્ન દશામાં આવુ સુખ પ્રાપ્ત થયું છે, સ્વપ્નના વિરહના અંતે સાક્ષાત્ મિલન સમયે તે શ્યામ ચંદ્રના વદન-કમલના દર્શનથી મારી શું દશા કરશે તે વિચારે હું અધીર બની છું. આ સ્થિતિનું વર્ણન કરવા હે સખી ! મારી પાસે શબ્દો નથી.

पद्मराग प्रतिभटचलत्कर्णिकार शोभितकर्णोपरि भागं गुंजापुंज
संवलित बर्हिबर्हौद् ग्रथित विविध मणिजालमुक्ताफल प्रकर
संकीर्ण कुसुमाकल शिखराहितनीलमण्युपरिस्थित
स्थूल मुक्ताफल संशोभि मुकुटविराज मानोदत्तमांगम् ॥ ८ ॥

હે સખી ! તે સુંદર સ્વરૂપની વધુ શોભા જો તેમણે પોતાના કર્ણના ઉપરના ભાગમાં કણેરનાં લાલ પુષ્પનું આભૂષણ કર્યું છે તે જાણે લાલમણીની પંક્તિ બન્ને કર્ણપર ધારણ કરી હોય તેમ શોભે છે, અરે તે કર્ણિકાર પુષ્પ નથી પણ વામભાગની સાથે દક્ષિણભાગમાં સ્વામિનીજીનો અનુરાગ સુમન કરે છે. કર્ણપરના કર્ણિકાનો અરૂણ પુષ્પનો અભિપ્રાય એવો પણ છે કે શ્યામસુંદર પોતાના બન્ને શ્રવણ શૃંગાર દ્વારા

પોતાના પ્રિય ભકતના ગુણગાન ઘણી પ્રીતિ પૂર્વક શ્રવણ કરે છે તેથી તેમના હૃદયમાં મહા આનંદ પ્રકટયો છે. અને તે મહા આનંદના અંકુશે લાલ પદ્મ મણી સમાન સ્વરૂપ ધારણ કરી અનુરાગ યુકત થઈ શ્રી સ્વામિનીજીને સમસ્યા કરી જણાવે છે કે જુઓ હું તમારા ગુણો આ પ્રમાણે હૃદયમાં ધારણ કરૂં છું; તેમના કર્ણ પરના લાલ કર્ણિકાના પુષ્પ જોઈ મારૂ મન પણ તેમને પરવશ થયુ છે, અને તેમના જેવોજ પરમ અનુરાગ એ સુંદરેશ સ્વરૂપમાં મારો કયારે થશે તેમ મારૂં મન ચિતિત રહે છે. તેમના મસ્તક પર સુંદર ગુંજાયુકત મુકુટ વિરાજમાન થઈ અતિ શોભા આપે છે. તે મુકુટમાં ગુંજાના સમુહ સાથે મયૂરચંદ્રિકાનો મુકુટ પણ છે. તેમાં વિવિધ પ્રકારના મણિમુકતા અને અગ્રભાગમાં નીલમણિ જોડે લટકતાં મોતીઓ લગાડેલાં હોઈ, તેમના શીર પરનો મુકુટ મહા સૌદર્યની સીમા સમાન પ્રકાશે છે.

શ્રી ઠાકોરજી તે ધારણ કરી અનેક પ્રકારના ભાવ તેઓ સુચવે છે. તેમાં મુકુટ, મયૂરચંદ્રિકા, વિવિધ મણી મુકતા તથા ગુંજાના માહેનો ભાવ અલગ અલગ છે. મયૂર નૃત્ય કરે ત્યારે મયૂરિ ને રસદાન તેના અશ્રુપાત દ્વારા સ્વત: થાય છે. તેથી મુકુટમાં ધરેલી મયૂર ચંદ્રિકા રૂપી ભકતોને રસદાનરૂપી સમસ્યા કરે છે. વિવિધમણી મુકતાનો શૃંગાર વિવધ પ્રકારના ભકતોનો મનનો શૃંગાર ભાવ છે. લાલગુંજાની શોભા શ્રીસ્વામિનીજીનો અનુરાગ સુચવે છે તેમાં શ્યામબિંદુ શ્રીયમુનાજીના શ્યામ સ્વરૂપનું સુચન છે મુકતા મોતીની લટકતી લહેરોએ તેમના મહા ઉજજવલ હાસ્ય રસનું દર્શન કરાવી મારા મનનું

હરણ કર્યું છે તેથીજ હું મોહનના સ્વરૂપમાં મોહવશ થઈ પરવશ થઈ છું અરે હે સખી ! હજુ વધુ તે મનમોહનના રૂપમાધુર્યની વાત હું આગળ કહું છું તેને બરાબર સાંભળ.

विविध कुसुमोद ग्रथित सुभग मेचक केशपाशं पवनानीत निजविविध प्रसून प्रकर प्रसारि परिमल लुब्धमधुकरनिकराकुल वनमालाधरम् ॥ त्रिभंग संदर्शित दक्षिण चरणतलं करकमल-कलित ललितवंशीकलरवेण विद्रावित मुनिगणसमाधिनिखिल-वृंदाविपिनं, समाधिस्थ मानसीकृताशेषपक्षगणं चित्रन्यासीकृत त्रिभुवनंनिजमुखामोद प्रमदंभ्रमरझांकृत्युपश्रुतिगानं रतिपति जय पताकामिव मनोभवसिद्धिमूलमिव तार्तीय पुमर्थसिद्धांतरहस्यमिव निखिलनितंबिनी मनः समाकर्षण मंत्रविन्महीभूषणमणिमिव व्रज-सौभाग्यमिव मूर्तिमत्त्रिभुवनसुषमामिव त्रिलोकी नयनजनुः साफल्यमिव प्रतिबिंबित विविध निकुंज कुसुमैरखिल सुरपूजित-मिव अखिल पुण्यपुंजमिवापश्यम् ॥

ततः प्रेमातिभरमनसा सर्वेंद्रियरूपामृताब्धि प्रत्यंगतरंङ्गेषु चिरंनिमग्न नयनमीन युगलाऽहमासम् ततस्तत्प्राप्तिमाशंसमानाया निद्रा विद्राविता बभव ॥ ततः प्रतिक्षण प्रवृद्ध प्रचुरप्रेमप्रोद्यत्पुलकसीत्काराहमित्थं व्यलपम्-हा हा नाथ शरण्य हा हा गोपीजनाधार-हा हा वृंदावनभूषण हा हा सानंदानंदसर्वस्व ॥ ९ ॥

તેમનો કાળાભ્રમર સમાન કેશપાશ વિવિધ પ્રકારના પુષ્પોથી ગુંથેલો છે. તેમના વક્ષસ્થલ પરની વનમાલા વિવિધ

સુગંધિક પુષ્પોની બનેલી હોઈ તેની પરીમલ (સુવાસ) નો લોભી ભ્રમરો સુગંધિત વાતા પવનથી વ્યાકુલ થઈ ત્યાં આકર્ષાઇ ગુંજરાવ રૂપી ગુણગાન કરે છે. તેમનું અદ્‌ભૂત લલિતત્રિભંગ સ્વરૂપ છે. તેમને પોતાનો જમણો પાદકમલ ડાબા ચરણ કમલ પર રાખી જમણા ચરણ કમલની તળીયાનાં દર્શન થાય તેમ ટેકવી રાખ્યો છે. તેમના શ્રી હસ્ત કમલમાં શોભતી સુંદર બંશીના નાદથી રૂષિમુનીઓની સમાધી છૂટી ગઇ અને તેમનું કઠોર ચિત્ત વેણુનાદના કલરવના શ્રવણમાં દ્રવિત થઇ મગ્ન થયું છે. સમસ્ત શ્રીવૃંદાવનનાં પશુ પક્ષીઓ જાણે ધ્યાન મગ્ન હોય તેમ ચિત્રવત્ સ્થિર થઈ શ્રીશ્યામની વેણુ માધુરીનું પાન કરે છે. ત્રણે ભુવનને પણ આ બંશીનાદે ચિત્રવત સ્તંભિત કર્યું છે. તેમના વદનકમલની પદ્મ ગંધથી આકર્ષાઇ ભ્રમરો ત્યાં શ્રુતિગાન કરતા હોય તેમ ગુંજારવ કરે છે. અહો કામદેવની વિજય પતાકા જેમ કામદેવની સિદ્ધિના મૂલની જેમ સર્વ વેદોના સિદ્ધાંત રહસ્યના પુરૂષાર્થના ફલરૂપ સર્વ ગોપસુંદરીઓના મનનું આકર્ષણ કરનાર મંત્રરૂપ, સમસ્ત પૃથ્વીના (સ્વામી) ભૂષણના મણીરૂપ. વ્રજના સૌભાગ્ય રૂપ. સાક્ષાત્ ત્રિભુવનના સુખ સ્વરૂપ, ત્રણલોકના પ્રાણીઓના નયનની સફલતારૂપ અને વિવિધ પ્રકારના નિકુંજના પુષ્પોથી જેમનું સમસ્ત દેવો પૂજન કરે છે, તેવા સાક્ષાત્ પુણ્યના પુંજસમાનનાં મેં દર્શન કર્યાં તે રૂપમાધુરીનાં દર્શન થતાંજ હું અતિ પ્રેમ વિવશ થતાં મન સહિત સર્વે ઇન્દ્રિયો સાથે તેમના ત્યાં રૂપ સાગરના પ્રત્યેક તરંગમાં ડુબી અને મારા નયનરૂપી મીન નિમગ્ન થતાં અને તેમની પ્રાપ્તીની ઉત્કટ અભિલાષા વધી પડતાં મારી નિદ્રા ઉડી ગઇ. મારૂં સ્વપ્નદર્શન બંધ થતાં. સ્વરૂપાનંદ તિરોહિત થતાં પ્રત્યેક ક્ષણે વર્ધમાન પ્રચુર પ્રેમના ઉદ્દભવથી

અને પુલકાવલીમાં રોમાંચ થઇ અનુભવજન્ય (શ્વાસો) સુખના શ્વાસ લઈ આ પ્રમાણે તેમના પુનઃ દર્શન મિલન માટે વિલાપ કરવા લાગી. હે નાથ ! હે પ્રાણ ! તમો મારૂ શરણ છો, શરણ છો. હે વ્રજજનોના એકમાત્ર આધાર, હે વૃંદાવનના ભૂષણ, હા મારા આનંદના સર્વસ્વ સર્વ આનંદ સ્વરૂપ !

પ્રભુના સુંદર કેશપાશમાં ફૂલ ગુંથેલાં છે તે જાણે કામદેવની શૈયા સમાન લાગે છે. કેશપાશમાં નાનાપ્રકારની જાળી ગુંથેલી છે એ રચના પણ કામરસનો અનુભવ કરાવે છે. સુગંધિત વાયુએ તેમના વક્ષસ્થલની વિવિધ પ્રકારની વનમાલાના ખીલેલ પુષ્પસમુહને વિખરાવ્યો છે, અને તેથી પુષ્પપરાગના લોભી ભ્રમરો ત્યાં એકત્રિત થયા છે. શ્રીઠાકોરજીના શ્રીઅંગ પર પાંચ પ્રકારની વનમાલા બિરાજે છે તે ભક્તોના ભાવરૂપ કીર્તિમાલા છે. ભક્તોનો શ્રીઠાકોરજી પ્રત્યેનો વિશુદ્ધ ભાવ ભગવાનની કીર્તિ વધારનાર છે. વનમાળા પરના ભ્રમરો ભક્તો છે અને તેઓ શ્રીઠાકોરજીના માધુર્યરસના પાન માટે લોભી થઇ, ત્યાં આવી વનમાલા ઉપર મકરંદનું પાન કરી મત્ત થઈ તેમનું ગાન કરી તેમની કીર્તિ ત્રિલોકમાં ફેલાવે છે. તેથી વનમાલા કોટાનકોટી ભક્તના મનોરથની સિદ્ધિ સ્વરૂપ છે. શ્રીઠાકોરજી તેમના મત્ત હસ્તિની જેમ તેમના વિશાલ અને ઉન્નત વક્ષસ્થલ પર વનમાલા ધારણ કરી ઉન્મત્તતાથી ચાલે છે, તેથી કરીને ભક્તોને આલિગનાદિ દ્વારા સુરત રસનો અનુભવ કરાવે છે. શ્રીઠાકોરજીનું સર્વાંગ મધુર ભાવમાં શ્રીમસ્તકથી ચરણકમલ પર્યંત કામરસના મનોરથની સિદ્ધિ માટે દિવ્ય હોય છે.

હે સખી ! આવા મદન ત્રિભંગીનું દર્શન થતાં મને મનમાં અત્યંત ક્ષોભ થયો છે, તેથી મને કંઈ સુઝતું નથી.

તેમના વિશાળ વક્ષસ્થલની વનમાલાએ તો ઈંદ્ર તથા કામદેવના ધનુષ્યની ઉપમાને તુચ્છ તૃણવત કરી છે. તેમના જમણા ચરણનો તલભાગ મહાશોભાયમાન છે, તેમને પોતાનો જમણો ચરણ વેષ્ટિત કરી વામ ચરણનો ટેકો કરી ચરણકમલના તલનો અરૂણ સુકોમલ તથા સુરેખાથી અંકિત ભાગ પ્રદર્શિત કરી રસદાન કર્યું છે. જાણે એક ભકિત પાત્રમાં ભરેલો રસ બીજા પાત્રમાં નમાવી રેડતા હોય તેમ દર્શન થાય છે. તે રસાત્મકની રસરૂપતાનાં દર્શન કરી મારી રસાર્તિ પણ વધી પડી છે. અને મારૂ મન તે રસિકશિરોમણીના સ્વરૂપ ચરણારવિદને હૃદયમાં ધારણ કરવા અધીર થયું છે. હું કયારે મારા વક્ષસ્થલ પર તે ચરણારવિંદ ધારણ કરી મારા હૃદયાગ્નિની જવાલાને શીતલ કરીશ ! કયારે એ રસદાની મને રસદાન કરશે. એવી અતિ દુર્લભ રસાનુભૂતિ માટે મારૂ મન અતિ આતુર થઈ રસાસકત થયું છે. મારા પ્રાણેશ કયારે પ્રકટ થઇ મારી આર્તિ મટાડી રસદાન કરશે !

વળી દક્ષિણ ચરણાર્વિંદથી વામચરણ વેષ્ટિત કરી પ્રભુ ચોરાશી બંધનાદિની પણ સૂચના કરે છે. લલિતત્રિભંગ સ્વરૂપે તેમને ત્રણે અંગ વાંકા કર્યાં છે. ગ્રીવા ડાબી બાજુ નમાવી ચુંબનાદિ મધુર ભાવનું સૂચન કરે છે. કટિ નમન દ્વારા કેલીરસના મધુર ભાવનું સુચન કરે છે અને ચરણ નમન દ્વારા ચોરાશી બંધનાદિકનું સૂચન કરે છે. સ્વરૂપ ધ્યાન કરાવી ક્ષુદ્ર કામાશાસ્ત્રાદિકનો તિરસ્કાર કરે છે એટલે કે જે ભકતો પોતાના હૃદયમાં ભગવાનની રાસાદિક લીલાનું શ્રવણ કરી તેમના ચરણારવિદને ધારણ કરે છે તેના હૃદયના કામાદિ ક્ષુદ્ર રોગ નાશ પામે છે. તે કોટી કોટી મન્મથના

મનનું પણ મથન કરે તેવું લલિતત્રિભંગીનું દિવ્ય સ્વરૂપ છે. પ્રભુનું સ્વરૂપ તેવુ પરમ દિવ્ય એક રસ અને ઉજજવલ ભાવ યુકત છે. તે ભાવાત્મક પ્રભુની રસાનુભૂતિ કેવલ રસિકસંતની કૃપા દ્વારા થઈ શકે છે. તેમનાં પ્રકટ દર્શન થતાં મારી શી દશા થશે તે હું વિચારી શકતી નથી, હવે વધુ સાંભળ તેઓએ શ્રી હસ્તના કરકમલમાં સુંદર મુરલી ધારણ કરી વેણુનાદ કરે છે ત્યારે તેમનો વેણુનાદ મોટા મોટા ધ્યાનસ્થ મુનિઓને પણ સમાધિ મુકત કરે છે, તેઓ તેમના કઠોર મનને બ્રહ્મભાવમાંથી ખસી ન જાય તે માટે ખૂબ ધૈર્યપૂર્વક સ્થીર કરવા મથે છે પણ વેણુનાદનો પ્રતાપ જ તેવો છે. કારણ કે રસ સ્વરૂપ પૂર્ણપુરૂષોત્તમના વદનકમલની અધરસુધાથી ભરેલી મુરલીના નાદની સમક્ષ બ્રહ્મભાવ કે બ્રહ્માનંદ કોઈ ગણતરીનો ન હોઈ તુચ્છ માલુમ પડે છે. તેથી મહામુનીઓ સમાધિ મુકત થઈ વેણુનાદ શ્રવણે પડતાં વિવશ બને છે.

મહામુનિઓ તો જ્ઞાની છે અરે અજ્ઞાન પશુપક્ષીઓ પણ વૃંદાવનની મુરલી માધુરીનું શ્રવણ કરી મહાસુખ પામે છે. વૃન્દાવનના પક્ષિઓનો સમુદાય માત્ર પુષ્ટિમાર્ગીય મુનિશ્વરો છે. તેઓજ કેવલ વેણુનાદરૂપી પુષ્ટિ મહારસનો અનુભવ સદા કરે છે. જે મુનીઓ બ્રહ્મમાં લીન થયા છે તે મર્યાદા માર્ગીય મુનિયો બ્રહ્મરસના ભોગી હોઈ બ્રહ્માનંદ માટે સમાધિમાં તત્પર રહેનારા છે, આ પક્ષીરૂપી મુનિશ્વરોની આસકિત કેવલ ભગવદ્ અધરામૃતનીજ છે તેથીજ વેણુનાદ સમયે શ્રવણપુટ દ્વારા નાદરસ પીતાં મન ચિત્ત બુદ્ધિ અહંકાર તથા સર્વે ઇન્દ્રિયોનો લય થતાં ચિત્રવત બને છે. તેમના વદનકમલની આમોદથી ભરેલો વેણુનાદ દશે દિશાઓમાં પોતાની મધુર

મધુર સુગંધ ફેલાવી રહ્યો છે, તેનાથી આકર્ષાઈ ભ્રમરો તેમના કર્ણકમલ પાસે આવી ગુંજારવ કરે છે. ભકતો રૂપી ભ્રમરો તેમના વદનકમલની સુગંધનું પાન તેમના વેણુનાદના અધરામૃત દ્વારા પણ કરે છે અને તે મત્ત ભ્રમરો વૃંદાવન છોડી બીજે ક્યાંયે જતા નથી.

હે સખી! તે વૃંદાવનમાં મુરલીવાદન કરતા ત્રિભંગલલિત સ્વરૂપનું વર્ણન હું શું કરૂં! જાણે કામદેવને જીતવાની પ્રેમપતાકા ન હોય! વસ્તુતઃ પ્રેમવિવશ ભક્તોને જીતીને તેમણે પ્રેમપતાકા-રૂપી પત્ર લખ્યો છે. તેવું કામસિદ્ધ સ્વરૂપ મહારાસમાં પ્રગટ થયેલ છે. હે સખી! આ સ્વરૂપ કેવા કામની સિદ્ધિ કરે છે તે સાંભળ.

જગતનો ભૌતિક કામ લૌકિક કામ છે તે દેહ સંબંધી તુચ્છ કામ સંસારીજનો ઉપર વિજય પ્રાપ્ત કરી પોતાની જીત મનાવે છે અને આધ્યાત્મિક કાર્ય તો બ્રહ્મા શંકર ઈંદ્રાદિ દેવ-તાઓ ઉપર વિજય પતાકા ફરકાવે છે. તે એ પ્રકારના ભૌતિક અને આધ્યાત્મિક કામ પોતાની પત્નિ રતિ સહિત આવા સૌદર્યને જોતાંજ મૂછિત થાય છે. કારણ કે આધિદૈવિક કામરૂપ મદન મોહનતો મુરલી મનોહર, મુકુટધારી સાક્ષાત કોટી કોટી મન્મથ સમાન હોઈ સર્વે કોઈને મોહિત કરે છે. તે વ્રજનાથ વૃંદાવન વિહારીજ સર્વોપરી દેવાધિદેવ છે. તેમને આધિદૈવિક કામવાળાં વ્રજભકતોને જીતીને વિજય પત્ર લખ્યો છે હે સખી! એવા મધુર વેણુનાદ કરતા ત્રિલોક સુન્દર મોહિની મૂર્તિ શ્રી શ્યામ-સુંદર મુરલી મનોહર પિતાંબરધારીનાં દર્શન થતાં ત્રૈલોક્યની કોણ સ્ત્રી મર્યાદાથી વિચલિત થઇ. કુલ-કાન લોકલજ્જાનો પરિત્યાગ કરી તેનામાં અનુરકત ન થાય!

વળી હે સખી ! ચારે પુરૂષાર્થમાં ત્રીજા કામ પુરૂષાર્થના સિદ્ધાંતનું રહસ્ય પણ વ્રજયુવતિઓના સંગમાંજ પ્રકટ થયું છે. તે રહસ્યનું વર્ણન કરવાને કોઈનુ સામર્થ્ય નથી. કારણ કે કે જગતનો કામ સ્વાર્થમૂલક છે, જયારે વ્રજભક્તોનો આ અલૌકિક દેવાધિદેવ પરમ પુરૂષ સાથેનો કામસ્વાર્થશૂન્ય છે તેટલુજ નહિ પણ પ્રેમ સ્વરૂપ હોઇ પ્રભુના સુખનો હિત ચિતક છે તેથી તેને તો અનુભવીનું હૃદય જાણે.

હે સખી! તેમનું મદનત્રિભંગી સ્વરૂપ વ્રજભક્તોના મનનુ આકર્ષણ કરનાર મહામંત્ર જેવું છે. દર્શન માત્રથી સર્વના દિલનુ દોહન કરનાર છે. ચૌદભુવનના ભૂષણરૂપ છે પરબ્રહ્મની સાકાર મોહન મૂર્તિરૂપ છે, સૌભાગ્યવંત છે, ત્રણ લોકની શોભાનો સાગર છે સમસ્ત બ્રહ્માંડના નયનના પ્રકાશ છે અર્થાત્ ત્રણે લોકના નયનધારીઓના પરમ ફલરૂપ છે. જેને નયન મલ્યુ છે પણ આ મુરલી મનોહરના સ્વરૂપનુ દર્શન થયુ નથી તો નયન મલ્યુ તો શુ! અને નયન ન મલ્યુ તોપણ શું! નયન સફલતા પ્રાપ્ત ન થઈ.

હે સખી ! એમનુ પ્રતિબિંબ જાણે નિકુંજના કુસુમથી સર્વ દેવોના સમુદાયે કરી પુજાયેલા હોય તેવુ છે. શ્રી વૃંદાવનમાં પુષ્ટિમાર્ગીય દેવતા સર્વ ભગવદીય સખા ગોપ એજ છે. શ્રીભાગવતે એજ વર્ણવેલા છે. શ્રી ધામ વૃંદાવન પુષ્ટિમાર્ગીય ભગવદીય વૃક્ષ લતાદિ ફૂલ રૂપે વિદ્યમાન છે. તેમના ત્યાં શ્રીઠાકોરજી બિરાજે છે માટે વૃક્ષલતાદિ ભક્તોનુ અંગ કોટાનકોટી કલ્પવૃક્ષ અને ચિંતામણી સમાન શોભે છે.

હે સખી ! તેમના શ્રી અંગમાં દિવ્ય ફૂલનાં દર્શન થાય છે તેથી જાણે પુષ્ટિમાર્ગીય દેવતાઓએ એકઠામળી શ્રીઠાકોરજીને પૂજ્યા હોય તેમ લાગે છે. અને પુષ્ટિભકિતનુ ફલ જે અધરામૃત તેનુ દાન કરવા ફૂલ્યા મનથી પ્રાર્થના કરે છે. તે ભકતો પોતાના સુમન રૂપી ફૂલને આપશ્રીને અંગીકાર કરવા વિનવે છે. સાચેજ વ્રજભકતો પુષ્ટિમાર્ગીય દેવતાઓ છે. ચૌદભુવનના સર્જનાર બ્રહ્માથી પ્રાકૃતિક દેવો થયા છે. તેથી વ્રજભકતો અપ્રાકત હોઈ દેવોના પણ દેવ છે અને તેમને આ સ્વરૂપની પૂજા કરી છે.

હે સખી ! મારા સમસ્ત પૂણ્યના સમુહના પરમફલરૂપ તે સ્વરૂપનુ દર્શન હતુ. વ્રજભકતોએ વ્રતચર્યાના નિમિત્તે કાત્યાયની દેવીની પૂજા કરેલી, અને શ્યામસુંદરને પતિરૂપે પ્રાપ્ત કરવા પ્રાર્થના કરેલી અને તેમના મિલન માટે તાપ કલેશ એક વર્ષ કર્યો હતો તેથી તેમના તે વૃતના અનંત ફલરૂપ શ્રીઠાકોરજીએ દર્શન આપી સ્વહસ્તે વસ્ત્ર પાછાં આપી, રસદાન કરેલુ અને શરદરૂતુમાં તેઓ તેમની સાથે રાસલીલા કરશે તેવુ વચન પણ આપ્યુ હતુ. તેના ફલરૂપે સાક્ષાત્ મદનમોહનને મને આવાં દર્શન આપ્યાં છે.

કોઈ એક વૃજ ભકત ભકતોના સમુદાયમાં કહે છે કે મેં પણ આપ વર્ણન કરો છો તેવુ સ્વરૂપ દેખ્યુ છે. તેથી આ વર્ણન શ્રવણ કરી અત્યંત પુલકિત થઈ મુસકાઇને કહે છે કે હે સુમુખી ! આપે અમૃત વચનથી જે સ્વરૂપ સૌંદર્યની સુંદર વાત કહી તે સ્વરૂપનો મને સ્વપ્નના સંદેશથી સાક્ષાત્ અનુભવ થયો છે, થતો રહે છે અને તે તમો મારા અંગે અંગમાં પ્રત્યક્ષ અંગીભાવે જોઇ લો પ્રથમ મારી આવી દશા કયાં હતી ! એ તો તમનેજ તે સ્વરૂપનુ દર્શન થયુ હતું. તેથી તેના વર્ણન

દ્વારા મારા હૃદયમાં ઉતરી ગયુ અને તેથી મારી પણ એ દશા થઈ છે. આ સ્વપ્ન એવુજ છે જેના શ્રવણ માત્રથી સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ થાય છે તો આપના અનુભવની તો વાતજ શું વર્ણવાય ! હે સુમુખી ! મને એક ઉત્કંઠા જાણવાની થઈ છે તે મને આપની દાસી જાણીને કહો. કારણ કે તમારા વચન સુધાધારાની વૃષ્ટિ સમાન હોઈ મારૂ જીવન છે, તમોએ જે સ્વરૂપન દર્શન કર્યાં તેનુ મને યથાર્થ વર્ણન કરી કરી કહ્યું પણ તે સ્વરૂપ દેખ્યા પછી તમારી દશા સ્વપ્નમાં કેવી થઇ હતી તે મને દાસીને વિસ્તારથી કૃપા કરી કહો. તેનાં આવા વિનય વચન સાંભળી સુંદરમુખી શ્રીસ્વામિનીજી સુખ પામીને કહેવા લાગ્યાં.

હે સખી ! સ્વપ્નમાં પરમ મનોહર સ્વરૂપનાં દર્શન થતાં હું મન સહિત આખી પ્રેમાવેશથી તેમની સૌંદર્યશ્રીના સમુદ્રમાં લીન થઈ ગઈ. તેમની રૂપમાધુરીનું પાન કરી મત્ત બની, તેમના અંગે અંગની મનોહરતાના વમળમાં પડી. તેમાંથી બહાર આપવાની મારામાં સામર્થ્ય રહ્યું નહિ, અને તેમના સૌંદર્ય સાગરમ વિહાર કરવા લાગી, હું એ રૂપ મહાસાગરની માછલડી બની અને મારાં નેત્ર ત્યાં નિમગ્ન થઈ ગયાં, તે સ્વરૂપાનંદના મહોદધિમાં ઘુમતાં વારંવાર વિચારવા લાગી કે આવું અતિદુર્લભ સ્વરૂપ મને સદાને માટે પ્રાપ્ત થાય તો હું નિરંતર તેમના સંગમાં રહી પરમ સુખ પામું. આમ પરમાનંદની લહેરે ચઢતાં મારી નિદ્રા ઉડી ગઈ. મારૂ સ્વરૂપ બંધ થયુ પણ હું તેમના રૂપ માધુરીના દર્શનથી અત્યંત પ્રેમભર હૃદયે રોમાંચ થતાં વિરહ વ્યાકુલ થઈ વિલાપ કરવા લાગી અને હજુ પણ વિલાપ્યા કરૂ છું.

આ પ્રમાણે સૌંદર્ય નિધી વદન કમલા મહા વૃજભક્ત શ્રીસ્વામિનીજી પોતાની દશાનુ વર્ણન કરતાં કરતાં ધીરજ વિવેક અને લજજાને વીસરી વિપ્રયોગની અવસ્થાને પામ્યાં અને પોતાની સખીઓના સમુહ આ પ્રમાણે મહાવિરહ વ્યથાના પ્રલાપ કાઢવા લાગ્યાં.

હા નાથ ! આપજ મારા સ્વામિ છો, મને તમારા અદર્શનથી અત્યંત દારૂણ કષ્ટ છે તેમાંથી ઉગારો ! હે નાથ ! તમોજ મારા રક્ષક છો ! હે શરૂણ્ય ! હું તમારા શરણે છું. તમારા વિના બીજુ કોણ શરણ રાખશે ! આપ તો શરણાગત વત્સલ છો. હું સર્વ ઠેકાણેથી છૂટી પડેલી નિઃસાધન અને નિરાધાર છું અને એક માત્ર તમારોજ આધાર છે હે ગોપીજનોના પ્રાણાધાર ! હે મારા પ્રાણના પોષક અને રક્ષક હેં નાથ ! હે વૃંદાવનના ભૂષણ ! આપ મારી વિરહીણીની વિનતી સાંભળો. હું ક્યાં જાઉ શુ કરૂ ! ક્યાં રહું ! કોને આ વાત પણ કરૂ ! મને સમજ પડતી નથી. આપ તો ચતુર શિરોમણી છો.

આ પ્રમાણે અત્યંત વિલાપ કરતાં તેમના તનમાં વિપ્રયોગની આગ ધકી ઉઠી. ક્ષણીક શાંત થાય અને તુરતજ ધુરંધર વિપ્રયોગનો દાવાનળ ભભુકવા લાગ્યો. અને હે મારા અંતરના આનંદ ! હે નંદન ! અમો શરણ પડેલાને સંતાપો છો તે સારૂ કરતા નથી, તે તમારા માટે તદ્દન અનુચિત છે તમો તો વ્રજનાથ છો, વ્રજની આર્તિને હરનાર છો. અમોને દર્શન આપી આપના સાન્નિધ્યથી અમને સર્વથા શીતલ કરવાં જોઈએ. તેમના આવા કરૂણ વિરહના પ્રલાપ શ્રવણે પડતાં સમસ્ત વ્રજભક્તો પણ વિરહ સાગરમાં ડુબ્યો ત્યાંતો સ્વામિનીજી પુનઃ જલ્પના કરવા લાગ્યાં.

घंचनम रचय दयिता कालेन विधिस्तदास्येंदो ः ॥
अवलोकेऽखिल लोकी सुषमास्पदपाद पद्मेश ॥१०॥

આ પ્રમાણે અત્યંત વિરહ વચન ઉચ્ચારતાં શ્રી સ્વામિનીજી શ્રી શ્યામસુંદર સાથે તન્મયતાને પામ્યાં અને તેથી તેમના હૃદયનો ગુપ્ત ભાવ અત્યંત આસકિતના વચન દ્વારા પ્રગટ થઈ ગયો. હે સ્વામિ ! તમારૂં ચરણ કમલ જાણે અખિલ બ્રહ્માંડનું એક સુખ સ્થાન હોય તેવું છે ભકતોના સૌભાગ્યનું પરમફલ છે. હે નાથ ! હું આપની સોહાગણ છું. શ્રી ઠાકોરજી તો સર્વ વૃજવનિતાઓના સ્વામિ છે ત્યાં મારા સ્વામિ છે તેમ કેમ કહે છે ત્યાં કહે છે કે આ સુમુખિ પ્રિયતમા સ્વામિનીજી કહો કે મહદ્દ વૃજભકત કહો તેમનાં પોતાના પ્રેષ્ઠમાં (પ્રિયતમમાં) પ્રાણ જોડાઇ ગયેલો છે. ફકત દેહજ લીલાર્થે જુદો છે. ત્યાં એકજ પ્રાણ અને બે દેહ પ્રિયા પ્રિતમના છે. છતાં ભજનાર ભકત માત્રના ભગવાન છે. ઉદ્ધવજી શ્રી કૃષ્ણનો સંદેશો લેઈ મથુરાથી વ્રજમાં પધાર્યા ત્યારે તેમણે આજ વ્રજના મહદ્દ ભકતને જ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો. છતાં પણ તેમનો શ્રી શ્યામસુંદરમાં એકજ ચિત્ત પ્રાણ હોઇ પ્રેમ રસાત્મક પ્રભુ સિવાય કયાંયે પણ તેમનુ મન ચિત્ત બુદ્ધિ લાગ્યુ નહિ, અને તેમનો ભાવ પ્રભુમાં એકતાન રહી જરા પણ ખંડિત ન થયો. શ્રી ઉદ્ધવજીએ વ્રજનાથના વિરહી પ્રેમી ભકતનો વચન શ્રવણ કરી તેઓ પણ પ્રેમથી પીગળી ગયા, અને આવા વ્રજભકતના ચરણરજને પોતાના શીર પર ચઢાવી.

અને વિરહમાં પ્રભુનુ વદનચંદ્ર જોતાં બોલ્યાં કે વિધાતાએ ચંદ્રને કલંકિત કહ્યો છે તે બરાબર નથી મારા

સ્વપ્નના શ્યામચંદ્રના મુખકમલમાં કંઈ કલંક નથી માટે વિધાતાના શબ્દથી ઠગાશો નહિ. હે નાથ, હે નયિનાભિરામ, હે દયિત હે રમણ ! દર્શન આપી દુરાવ શું કરો છો. તમારા દર્શન વિના મારી ઘડી પણ અધન્ય થઈ રહી છે. તમોએ દર્શન આપી પ્રથમ તો મારા નેત્રને ઠગ્યાં છે, વચનસુધા દ્વારા કર્ણને ઠગ્યા છે અને આલિંગન દ્વારા મારી સર્વે ઇંદ્રીયો અને રોમે રોમને ઠગ્યાં છે. તમારા હાસ્ય કરતા વદનકમલના દર્શનની આશાએજ મારા પ્રાણ ટકી રહ્યા છે. હવે અત્યંત દારૂણ વિરહ મારા અંગના સર્વ મર્મ ભાગોને બાળી રહ્યો છે તેથી મારા પ્રાણ ટકશે કે કેમ તે નિશ્ચિત નથી, માટે દેહની હયાતી સમાપ્ત થાય તે પહેલાંજ દર્શન આપી જીવનાધાર થાઓ;

अहह प्रियसंगेन विना कथमहं क्षणं जीविष्ये वल्लवीवृंद-वल्लभस्य वियोगतः॥ प्रथमं भवतोऽदर्शनोद्वेगेनापि दुःखसंतानम् अधुना भवतो दर्शने दुःखं प्राप्तं त्वदप्राप्त्या ॥ ११-१२ ॥

શ્રી ગોપીજન વલ્લભના વિયોગથી પ્રાપ્તિના સંયોગ વિના હું એક ક્ષણ પણ કેમ જીવીશ. પ્રથમ જ્યારે આપનાં દર્શન થયાં ન હતાં ત્યારે તમારા એક વખત દર્શન કરવા મારૂ મન ઉદ્વેગ કરી દુઃખ ધરતુ હતુ પણ હવે તો કૃપા કરી દર્શન દાન કર્યું છે. તમારા વદનસૌંદર્યના દર્શન પ્રાપ્ત થયાં છે પણ તમારી પ્રાપ્તિ વિના સંયોગ સુખ માટે મને અતિદુઃખ વેદના થાય છે. શ્રીસ્વામિનીજી વિચારે છે કે વ્રજભક્તો અનંત છે અને શ્રી ઠાકોરજી તેમાંથી કોણ ભાગ્યશાલી ભક્તને વશ થઈ પ્રભુ ત્યાં બિરાજતા હશે ! દસપાંચ ભક્તને વશ હોય તો કદાચ પ્રયત્ન કરી તેમને શોધી લાવું પણ જ્યાં અનંત ભક્તનો

સમુદાય હોય ત્યાં તેમની શોધ પણ કેમ થઈ શકે ! તેથી દિનતાપૂર્વક પોતે પોતાનો મનોરથ પૂર્ણ કરવા વિરહના વચન ઉચ્ચારે છે.

भवतीति किमित्ययं प्रसंगोभवदित्थं प्रिय मे मनोरथेऽपि ॥
न हि संभवति प्रमादपीश व्रजगोपीजन जीवनांघिपद्म ॥ १३ ॥

હે નાથ ! તમારા ચરણકમલ મને પ્રાપ્ત નથી થતા તેનુ કારણ મારામાં તમારા રૂપમાધુર્યના દર્શન માટે ઉત્કટ વિરહ વેદના નથી તેથી તેવી તાપાત્મક વેદના વિના આપના પ્રેમ રસાત્મક સ્વરૂપનાં સંપૂર્ણ માધૂર્યયુક્ત દર્શન સ્વપ્નમાં કેમ થયાં તે પણ સમજાતુ નથી. હે વ્રજ ગોપીજન વલ્લભ ! હે દયિત ! હે કરૂણાનિધાન ! આ વાત સમજાતી નથી. પરંતુ એટલુ તો સમજાય છે કે તમારી અદૃશ્ય અહૈતુક કૃપાદાન વિના તમારાં દર્શન હોઈ શકેજ નહિ. મારા સ્નેહથી તમોએ દર્શન દીધાં નથી મારામાં સ્નેહ પૂર્વે હતોજ નહિ જરૂર મારા ઉદ્ધારના માટે તમોએ અનુગ્રહ કર્યો છે. તો આ અનુગૃહિતને દર્શન એકવાર આપી તેનુ દુઃખ ટાળો. સ્વતઃકૃપા કરી ભક્તનુ દુઃખનું નિવારણ કરો એજ આપને યોગ્ય છે. કારણ આપ સ્વતઃ ફલરૂપ છો.

सर्वं मधुरिमासीम तावकं गोकुलेश्वर ॥
यदि त्वद्विरहो न स्यादक्षमः स्वाश्रयेक्षणे ॥ १४ ॥

હે ગોકુલેશ્વર ! આપ મધુરાધિપતિ છો. આપનુ સર્વ કંઇ મધુર મધુર છે. સંપૂર્ણ શ્રી વિગ્રહ એકરસ મધુરાતિમધુર સુધામૃત સમાન છે. આપનુ વદન મધુર, આપનુ સ્મિત મધુર, આપનાં નયન મધુર, આપના અધરતો મધુરિમાની ખાણ છે.

શ્રી રાધાજીની નજર શ્રીવિગ્રહના દર્શનથી મોહિત થઈ સર્વાંગ મધુર મધુર લાગ્યું, પણ જ્યારે તેમની નજર ત્યાંથી વદનકમલ પર પડી ત્યારે તો તેમનાં દર્શન કરી મધુર મધુર મધુર તેમજ બોલવા લાગ્યા. પણ તેથી પણ આગળ પ્રસ્થાન કરી તેમની મંદ મુસ્કાન સાથે અધર પર મુરલીનાં દર્શન થયાં ત્યારે તો તેમનું સ્મિતમધુર મધુર મધુર મધુર ઉચ્ચારી તેમના વદનકમલની પદ્મગંધમાં લીન થઈ અવાક્ થયાં આવા મધુરતાની પરમ સીમાનાં દર્શન વિના તેમનાં નયન જગતની કોઈ પણ વસ્તુ તરફ નજર કરવા પણ અસમર્થ થયાં જાણે મધુરતાના સાગરમાં મધુપાનથી મત્ત થઈ સર્વ કંઈને તૃણવત્ લેખી ત્યાંજ લીન થયાં ન હોય ?

एवमुरुधाश्वस्तं विलपंतीमूर्च्छिताऽहमासम् ॥
ततश्चिरेणश्रुतिपथगतप्रियवंशीनिनादैर्मंत्रैरिवविगतमूर्च्छाहमभवम्॥
ततो मामियं दुःखिता सखी तत्रापश्यत् ॥
ततोमद्दुःख दुःखिता तामह प्रोवाच स कोऽपि
सखि सानंदनंदाद्युत्संगलालितः ॥
करोति सुषमासीमां मन्मथोन्मथितो हि सः ॥ १६ ॥

આ પ્રમાણે હૃદયમાં દુઃખ ધરતાં વિલાપ કરી હું બેભાન થઈ મૂર્ચ્છાને પામી હતી, ત્યારે મારા કાનમાં પ્રિય બંશીનો મધુર કલરવ મંત્ર પ્રવેશ કરતાં હું મૂર્છામાંથી જાગી ગઈ. જાણે કોઈએ મારા કાનમાં મંત્ર ફૂંકી સંજીવની રેડી હોય તેમ હું મુરલી માધુરીના શબ્દથી ચેતન દશાને પ્રાપ્ત થઈ, દશે દિશામાં જોવા લાગી. તે સમયે જો મારા સમાન મહાન્ દુઃખી એક સખીને જોઈ, તેને મારા દુઃખે દુઃખી જોઈ હું બોલી, હે સખિ !

તે નંદ યશોદાના ઉત્સંગમાં ખેલતો બાલ અદ્ભુત લાવણ્યયુકત, પરમસુખનું નિધાન, કોટી કોટી કામદેવના મનને પણ ક્ષોભ કરાવે તેવા સૌંદર્યના સારરૂપ છે. તેના દર્શન માત્રથી તેમના મિલન સુખની અભિલાષાથી અધીર થઈ હું કામોદ્વેગને પામી છું તેવા રૂપનિધાનને કદાપિ જોયા નથી તેમજ સાંભળ્યા પણ નથી.

तं न पश्यामि कः श्यामसुंदरं दर्शयेत्सखि ॥
मुरलिकलनादेन मोहयंतमदो जगत् ॥ १६ ॥

તેવા મુરલી મનોહર શ્યામસુંદરનાં મને દર્શન થયાં.

તેમની મુરલીમાધુરીના શ્રવણથી કોણ મોહિત થયું નથી તેમનો વેણુનાદ ત્રણે લોકમાં વિલાસને પ્રાપ્ત કરી રહ્યો છે. ત્રણે લોકની સુંદરીઓના મનરૂપી વાંસમાં તે પ્રવેશ કરી મદન વ્યાધિથી વિરહ દશાને પમાડે છે. સ્થિર તથા ચરના ધર્મોનો વિનિમય કરી રહી છે. છ ઋતુઓના સંપત્તિઓનો એક સાથ ઉદય કરી રહી છે. આ પ્રમાણે દરેકની વિપરીત દશા કરી તેમની મુરલીના સુધાસ્વાદ માટે સૌ કોઇ સ્થાવર જંગમ માત્ર ચિત્રવત્ થયાં છે.

काचि सखी मम संप्रति वरिवर्ति किमु व्रजाधिपप्राणा ॥
या नंदसूनु मुरलीतरलं चेतः समाकृष्यात् ॥ १७ ॥

હે સખી ! તે શ્રેષ્ઠ મુરલી મનોહરના વેણુનાદે મને પણ અત્યંત અસ્વસ્થ કરી છે. અને અત્યારે મારા પ્રાણ વ્રજાધિપ પાસે જઈ પહોંચ્યા છે. તેમના અને મારા પ્રાણ એક થયા છે તેથી કોઈપણ ઉપાયે મારા મનનું સમાધાન શ્રી શ્યામસુંદર સાથેના મિલનના વિના થાય તેમ નથી.

गताऽऽसमद्याहमये कलिन्दकन्यातटं तत्र तमालनीलम् ॥
त्रिभंगमस्मत्कुलधर्मधैर्यभंगं चतुष्पादघनंत्वपश्यम् ॥ १८ ॥

હે સખી ! આજે યમુનાતટે તમાલ વૃક્ષના જેવા શ્યામસુંદર લલિતત્રિભંગી સ્વરુપે પોતાના નિતંબ પર શ્રીહસ્ત-કમલ રાખી ઉભેલા મેં જોયા, અને તેને પોતાની તીરછી નયન કટાક્ષ દ્વારા મારા મનરુપી ચિત્ત મોહી લીધું. તેના સ્વરુપ સૌંદર્યે ગોપોની કુલવધુઓના કુલધર્મ તેમજ ધૈર્યને છોડાવી દીધાં છે. તેમના સર્વના તમામ ધર્મ લુટવાને માટે જ તેમણે ત્રિભંગ સ્વરુપ ધારણ કરેલું છે.

किं कुर्मः क्वनु यामः क्वनु तिष्ठामः किमेतद्वासीन्नः ॥
इति चिंतासंतताना बुद्धेः पारंगता गोप्यः ॥ १९ ॥

શ્રી વિઠ્ઠલેશપ્રભુ ચરણે શ્રીસ્વામિનીજીના સ્વપ્નદર્શનનો મહારસ અધિકારી ભકતોના અમૃતપાન માટે પ્રકટ કર્યો છે.

કોઇ વ્રજભકત આ મહદ્ વ્રજભકતની વિરહ પીડાની કથા સાંભળી કહેવા લાગ્યાં કે અન્ય વ્રજભકતો પણ તે મહદ્ ભકતની દશા જોઈ તથા તેમના વિપ્રયોગના ઉદ્ગાર શ્રવણ કરી આર્તિ, તાપકલેશ પ્રકટ થતાં વિરહથી વિકલ થયાં અને પરસ્પર કંઈ ઉપાય ન જણાવાથી પૂછવા લાગ્યાં. હવે શ્રીઠાકોરજીના મિલન માટે શું કરીશું ? કયાં જઈશું ? તેઓ અત્યારે કયાં બિરાજતા હશે ? કોને મળીને આપણી વાત કરીશું ? અરે આ આપણી વાત કોઈ સાંભળે તેમ પણ છે ! એવું જગતમાં કોણ છે જે આપણું દુઃખ જાણી મટાડી પણ શકે ! આપણા હૃદયાગ્નિને શાંત કરે તેવો કોઈ ઉપાયજ નથી કારણ કે શ્યામસુંદર તેમની મધુર ચિતવનથી મને બળાત્કારે ખેંચી રહ્યા છે. હવે તો

વિશ્વાસ એકજ ભરોસો છે શ્રીશ્યામસુંદર કોટી જન્મના સાધનથી પણ અપ્રાપ્ય છે છતાં નિઃસાધન થતાં કેવલ એક દૈન્યજ તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરી દર્શન કરાવે છે.

અહિં શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ચરણ પોતેજ શ્રીચંદ્રાવલી સ્વરૂપે બિરાજે છે તેઓને શ્રીસ્વામિનીજીએ જે સ્વપ્નદર્શન કહી સંભળાવ્યું તેજ આપ આ સ્વપ્નદર્શનમાં પ્રકટ કરે છે. તાત્પર્ય કે શ્રીસ્વામિનીજીજ યુગલ લીલાના મુખ્ય અધિકારી છે. તેઓજ મર્યાદા રહિત વિશુદ્ધ પુષ્ટિલીલાના અનુભવના મુખ્ય અધિકારી છે. અને તેથી શ્રીપ્રભુચરણ આ સ્વપ્નદર્શન શ્રીચંદ્રાવલીજીના ભાવે પ્રદર્શિત કરતાં હોવા છતાં પણ પ્રાર્થનીય મનોરથ શ્રી શ્યામસુંદરની પ્રાપ્તિ તે શ્રીસ્વામિનીજી કૃપા દ્વારા મને શક્ય થઈ છે તેવું તેમણે આ સ્વપ્નદર્શન દ્વારા નિગૂઢ રહસ્ય પ્રકટ કર્યું છે.

इति श्री विट्ठलेश्वर विरचितं स्वप्नदर्शनं समाप्तम् ।

સંવત ૨૦૨૧ના જ્યેષ્ટ વદી–૧૩
રવિવાર તા. ૨૭–૬–૧૯૬૫